પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૯૪ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૩-૧૨-૨૦૨૩ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com



પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## રાજસ્થાનમાં ભજનલાલ શર્માને મુખ્યમંત્રી બનાવ્યા, દીયાસિંહ અને પ્રેમચંદ બૈરવાને નાયબ મુખ્યમંત્રી રહેશે

જયપુર,

છત્તીસગઢ, મધ્યપ્રદેશ બાદ રાજસ્થાનમાં પણ ભાજપે મુખ્યમંત્રી તરીકે નવા ચહેરાને તક આપી ફરી સૌને ચોંકાવ્યા છે. રાજસ્થાનમાં ભજનલાલ શર્માને મુખ્યમંત્રી બનાવ્યા છે. આ સાથે જ ત્રણે રાજ્યોમાં મુખ્યમંત્રી જાહેર કરવાની સસ્પેન્સનનો અંત થયો છે. ભાજપે રાજસ્થાનમાં પણ નાયબ મુખ્યમંત્રી તરીકે બે નામની જાહેરાત કરી છે, જેમાં દીયા સિંહ અને પ્રેમ ચંદ બૈરવાને નાયબ મુખ્યમંત્રી બનાવાયા છે. જ્યારે વાસુદેવ દેવનાનીને વિધાનસભા અધ્યક્ષ બનાવાયા છે. બ્રાહ્મણ જ્ઞાતિના મુખ્યમંત્રી ભજન લાલ શર્મા સાંગાનેર બેઠક પરના ધારાસભ્ય છે, અને તેઓ પ્રથમ વખત ધારાસભ્ય બન્યા છે. આજે ભાજપ ધારાસભ્ય દળની બેઠક યોજાઈ



હતી, જેમાં ભજન લાલ શર્માના નામ પર મહોર મારી દેવાઈ છે.પૂર્વ સીએમ વસુંધરા રાજેએ ભજનલાલ શર્માના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો.ભજનલાલ શર્માએ કોંગ્રેસના પુષ્પેન્દ્ર ભારદ્વાજને ૪૮૦૮૧ મતોથી હરાવ્યા હતા. ભજનલાલ શર્મા સંઘ અને સંગઠન બંનેના નજીકના ગણાય છે આ ઉપરાંત તેઓ ૪ વખત પ્રદેશ મહામંત્રી રહી ચૂક્યા છે. તેઓ આરએસએસ અને એબીવીપી સાથે સંકળાયેલા છે. ભરતપુરના રહેવાસી ભજનલાલ શર્મા લાંબા સમયથી ભાજપ માટે કામ કરી રહ્યા છે અને તેઓ પ્રદેશ મહામંત્રી તરીકે કાર્યરત છે.તેઓ પહેલીવાર જ વિધાનસભાની ચૂંટણી જીતીને મુખ્યમંત્રી બન્યા છે. વર્તમાન ધારાસભ્ય અશોક લાહોટીની ટિકિટ કાપીને ભજનલાલ શર્માને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.

રાજસ્થાનમાં ભાજપની જીત સૌથી મોટો પડકાર એ હતો કે, સીએમ તરીકે કોને પસંદ કરવામાં આવે પરંતુ હવે આ વાતનો અંત આવ્યો છે. રાજસ્થાનના સીએમની રેસમાં ઘણા નામો ચાલી રહ્યા હતા. આ યાદીમાં પહેલું નામ વસુંધરા રાજેનું હતું. તે રાજસ્થાનની કમાન સંભાળી ચૂકી છે. આ સિવાય રાજસ્થાનમાં હિન્દુત્વના પોસ્ટર બોય બનેલા બાબા બાલકનાથનું નામ પણ ચર્ચામાં હતું. ગજેન્દ્ર શેખાવત, સીપી જોશી, દિયા કુમારી અને રાજવર્ધન રાઠોડ જેવા નામો પણ રેસમાં હતા. આ બધા વચ્ચે ભાજપ હાઈકમાન્ડે ભજનલાલ શર્માની પસંદગી કરીને સૌને ચોકાવી દીધા છે.ભજનલાલ શર્મા ભરતપુરના છે, પરંતુ તેમને ત્યાં ટિકિટ આપવામાં આવી ન હતી કારણ કે આ બેઠક પર તેમની જીત મુશ્કેલ માનવામાં આવી રહી હતી. આવી સ્થિતિમાં તેઓ સાંગાનેરથી ચૂંટણી લડ્યા અને જીત્યા હતાં તેઓ રાજસ્થાનમાં પાર્ટીની કોઈપણ પ્રવૃત્તિમાં મોખરે રહેલા વ્યક્તિ તરીકે ઓળખાય છે, પરંતુ તેઓ ખૂબ જ ઓછી પ્રોફાઈલ રાખે છે.

ધારાસભ્ય દળની બેઠક પહેલા એક ગ્રુપ ફોટો લેવામાં આવ્યો હતો જેમાં ભજનલાલ શર્મા છેલ્લી હરોળમાં ઉભા હતા, પરંતુ થોડી જ ક્ષણો બાદ તેઓ સીએમની રેસ જીતવામાં સફળ રહ્યા હતા. રાજસ્થાનમાં આજે ધારાસભ્ય દળની બેઠક યોજાઈ હતી. કેન્દ્રએ રાજનાથ સિંહ, વિનોદ તાવડે અને સરોજ પાંડેને રાજસ્થાનના નિરીક્ષક બનાવ્યા હતા. આ ત્રણેય નેતાઓએ મુખ્યમંત્રીના નામનું સુચન કર્યું હતું જે ભાજપ હાઈકમાન્ડની મંજૂરી બાદ સીએમ તરીકે જાહેર કરવામાં આવ્યુ હતું. નવા મુખ્યમંત્રી પાસેની સપત્તિની વાત કરીએ તો બેંકો,નાણાંકીય સંસ્થાનો અને બિન બેકીંગ નાણાંકીય કંપનીઓમાં જમા નાણાંની બાબતમાં વાત કરીએ તો એચડીએફસી બેંકમાં ભજનલાલ શર્માના એકાઉન્ટમાં ૧,૪૭,૧૭૩ લાખ રૂપિયા જમા છે.પીએનબી બેંક ભરતપુર બ્રાંચમાં ૨.૦૭૫ રૂપિયા બીઓબી બેંકમાં ૧૩,૦૨૭ રૂપિયા આ ઉપરાંત વિવિધ બ્રાંચોમાં નાણાં જમા છે.તેમના પત્ની પાસે રાજસ્થાન બરોડા ગ્રામીણ બેંકમાં ૧૦,૪૮૧ રૂપિયા છે.તેમણે એલઆઈસી પોલિસી ૧૬,૧૮૧ રૂપિયા અને એચડીએફસી લાઈફ પ્રો ગ્રોથ પ્લસ ૧,૯૪,૮૦૦ લાખ રૂપિયામં ઈન્વેસટમેંટ કર્યુ છે. ભજનલાલ શર્માની પત્નીના નામ પર ફકત એક એલઆઈસી પોલિસી છે જેમાં તેમનું ૭૨,૮૩૬ રૂપિયા ઈન્વેસ્ટ છે. શર્માની પાસ સોના ૧.૮૦.૦૦૦ લાખ રૂપિયાના દાગીના છે.જે ત્રણ તોલાના છે જયારે તેમની પત્નીની પાસે ૩૦ ગ્રામ સોનાના દાગીના છે જેની કીંમત ૧૮.૦૦.૦૦૦ લાખ રૂપિયા છે જયારે તેમની પાસે બે કિલો ચાંદી છે જેની કીમત ૧,૪૦,૦૦૦ લાખ છે.

આ પહેલા ભાજપે મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં બધાને ચોંકાવી દીધા હતા. મધ્યપ્રદેશમાં મોટા ચહેરાઓને બાયપાસ કરીને મોહન યાદવને કમાન સોંપવામાં આવી હતી, જયારે છત્તીસગઢની બાગડોર વિષ્ણુદેવ સાંઈને સોંપવામાં આવી હતી.રાજસ્થાનની કુલ ૨૦૦ વિધાનસભા બેઠકોમાંથી ૧૯૯ બેઠકો માટે ૫૧ હજારથી વધુ મતદાન મથકો પર ૨૫ નવેમ્બરે મતદાન થયું હતું અને ૩ ડિસેમ્બરે પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા જેમાં ભાજપને ૧૧૫ અને કોંગ્રેસને ૬૯ બેઠકો મળી હતી. રાજસ્થાનમાં ભારતીય જનતા પાર્ટીએ મુખ્યમંત્રી પદના ઉમેદવારનું નામ જાહેર કર્યા વગર જ ચૂંટણી લડી હતી.

## ‘ઢોર નિયંત્રણ નીતિની આડમાં પશુઓના મોત હશે તો ચલાવી લેવાશે નહીં’, હાઈકોર્ટ

અમદાવાદ,

રખડતા ઢોરના અને બિસ્માર રસ્તાઓ મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં નિર્દોષ પશુઓના મૃત્યુ બાબતે હાઈકોર્ટે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. સાથે જ નડિયાદ અને અમદાવાદમાં ગાયોના મોતના મુદ્દા અંગે પણ કોર્ટે ગંભીરતાથી નોંધ લીધી હતી અને ચિંતા વ્યક્ત કરી હતી.

રાજ્યભરમાં રખડતા ઢોર અને બિસ્માર રોડ રસ્તા મામલે થયેલી જાહેર હિતની અરજી પર આજે વધુ એક વખત ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ. સુનાવણીની શરૂઆત દરમિયાન નિર્દોષ પશુઓના મોત મામલે હાઈકોર્ટ દ્વારા ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી. જેમાં હાઈકોર્ટ દ્વારા ટકોર કરવામાં આવી છે કે, માણસોના સ્વાર્થ અને લાભ માટે નિર્દોષ પશુઓના મોત ચલાવી લેવાશે નહીં. આ ઉપરાંત વ્યક્તિઓના હિત અને સ્વાર્થ માટે અબોલ જીવ મરે એ પ્રકારની જે પણ ડિઝાઈન હશે, તે પણ ચલાવી લેવાશે નહીં.

ગુજરાત હાઈકોર્ટે જણાવ્યુ કે, જો ઢોર નિયંત્રણ નીતિ ની અમલવારીની આડમાં પશુઓના મોત થતા હશે તે પણ ચલાવી લેવાશે નહીં. ગુજરાત હાઈકોર્ટે વધુમાં ચિંતા વ્યકત કરતા કહ્યું કે વ્યક્તિઓના સ્વાર્થમાં નિર્દોષ પશુઓના જીવ લેવાની ઘટનામાં ભગવાન પણ આપણને માફ નહીં કરે.

મહત્વનું છે કે નડિયાદ અને અમદાવાદમાં ગાયોના મોતના મુદ્દાને ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગંભીરતાથી લેવામાં આવી છે, જેમાં ઢોર વાડાઓમાં પશુઓને રાખવાની ક્ષમતા ઉપરાંત તેમને અપાતા ચારા અને મેડિકલ ટ્રીટમેન્ટ સહિતની વિગતો તાત્કાલિક ધોરણે ગુજરાત હાઈકોર્ટ દ્વારા મગાવવામાં આવી છે, જેમાં રાજ્ય સરકાર ઉપરાંત નડિયાદ કલેકટર અને જવાબદાર પક્ષકારોને આ તમામ મુદ્દે ૨૪ કલાક એટલે કે એક જ દિવસમાં રિપોર્ટ રજૂ કરવા માટે હુકમ કરવામાં આવ્યો છે અને આ સમગ્ર મામલે હવે આવતીકાલે ગુજરાત હાઈકોર્ટમાં વિગતવાર સુનવણી હાથ ધરાશે.

નોંધનીય છે કે આ તમામ સમસ્યાઓને લઈને હાઈકોર્ટમાં સમયાંતરે સુનાવણી ચાલી રહી છે અને ગુજરાત હાઈકોર્ટ દ્વારા કડક ટકોર બાદ રાજ્યભરમાં રખડતા ઢોરને લઈને કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં કેટલાક કિસ્સાઓમાં પશુઓના મોત થયાના અહેવાલ પણ સામે આવ્યા છે. આજની સુનાવણી દરમિયાન પશુ માલિકો દ્વારા ઢોરના મોત મામલે ગુજરાત હાઈકોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી અને જે બાદ હાઈકોર્ટ આ સમગ્ર મામલે વિગતવાર અહેવાલ મંગાવ્યો છે. આવતીકાલે હાઈકોર્ટમાં વિગતવાર સુનાવણી હાથ ધરાશે.

## દેશમાં રહેતા ગેરકાયદેસર વસાહતીઓનો ડેટા એકત્રિત કરવો અશક્ય છે : કેન્દ્ર સરકાર

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને કહ્યું છે કે દેશના અલગ-અલગ ભાગોમાં રહેતા ગેરકાયદે ઈમિગ્રન્ટ્સનો ડેટા એકત્ર કરવો શક્ય નથી કારણ કે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ ગુપ્ત રીતે દેશમાં પ્રવેશ કરે છે. સુપ્રીમ કોર્ટ નાગરિકતા કાયદાની કલમ ૬છની બંધારણીય માન્યતા પર સુનાવણી કરી રહી છે. આ સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે એફિડેવિટ આપીને આ વાત જણાવી. નાગરિકતા કાયદાની આ કલમ આસામમાં ગેરકાયદેસર વસાહતીઓને લગતી છે. કેન્દ્ર સરકારે કોર્ટને જણાવ્યું કે આ જોગવાઈ હેઠળ ૧૭,૮૬૧ લોકોને નાગરિકતા આપવામાં આવી છે. ફોરેનર્સ ટ્રિબ્યુનલના આદેશ હેઠળ, ૧૯૬૬-૧૯૭૧ વચ્ચે ૩૨,૩૮૧ લોકોની ઓળખ વિદેશી તરીકે કરવામાં આવી છે. ૭ ડિસેમ્બરે, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પૂછ્યું હતું કે ૧ જાન્યુઆરી, ૧૯૬૬ થી ૨૫ માર્ચ, ૧૯૭૧ સુધી આસામમાં કેટલા બાંગ્લાદેશી નાગરિકોને ભારતીય નાગરિકતા આપવામાં આવી હતી અને સરકાર પાસેથી ડેટા માંગ્યો હતો. સરકારને ગેરકાયદેસર ઘૂસણખોરી રોકવા માટે ઉઠાવવામાં આવેલા પગલાં વિશે પણ પૂછવામાં આવ્યું હતું. તેના પર કેન્દ્ર સરકારે કહ્યું છે કે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ કોઈપણ માન્ય દસ્તાવેજો વિના ગુપ્ત રીતે દેશમાં પ્રવેશ કરે છે. ગેરકાયદેસર વસાહતીઓની શોધ કરવી, તેમની અટકાયત કરવી અને તેમને તેમના દેશોમાં દેશનિકાલ કરવો એ એક જટિલ પ્રક્રિયા છે. આવી સ્થિતિમાં દેશના અલગ-અલગ ભાગોમાં રહેતા ગેરકાયદેસર વસાહતીઓ અંગેનો ડેટા એકત્રિત કરવો શક્ય નથી. કેન્દ્ર સરકારે કહ્યું કે ૨૦૧૭ થી ૨૦૨૨ ની વચ્ચે ૧૪,૩૪૬ વિદેશીઓને તેમના દેશમાં પાછા મોકલવામાં આવ્યા હતા. હાલમાં, આસામમાં ૧૦૦ ફોરેનર્સ ટ્રિબ્યુનલ કાર્યરત છે અને ૩૧ ઓક્ટોબર ૨૦૨૩ સુધી ૩.૩૪ લાખ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે અને ૩૧ ઓક્ટોબર સુધી ૯૭,૭૧૪ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. ફોરેનર્સ ટ્રિબ્યુનલના આદેશથી સંબંધિત ૮,૪૬૧ કેસ ગૌહાટી હાઈકોર્ટમાં પેન્ડિંગ છે. સરકારે આસામ પોલીસની કામગીરી, સરહદી પેટ્રોલિંગ અને અન્ય માધ્યમો દ્વારા ઘૂસણખોરી રોકવાના પ્રયાસો અંગે કોર્ટને માહિતી આપી હતી. એવું પણ કહેવામાં આવ્યું હતું કે સરહદ પર ઘૂસણખોરી રોકવા માટે ફેન્સીંગ કરવામાં આવી રહી છે.




મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# ભારત સરકારના વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ અને કલ્યાણ બોર્ડના સભ્ય મહીસાગર જીલ્લાની મુલાકાતે

મહીસાગર,

ભારત સરકારના વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ અને કલ્યાણ બોર્ડના સભ્ય ભરતભાઈ બાબુભાઈ પટણી મહીસાગર જીલ્લાની મુલાકાતે આવ્યા હતા.લુણાવાડા વિશ્રામ ગૃહ ખાતે વિવિધ મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે ભરતભાઈ પટણી એ જણાવ્યું હતું કે, સરકાર દ્વારા વિચરતી અને વિમુક્ત જાતિના વિકાસ અને કલ્યાણ માટે બોર્ડ બનાવ્યું છે તેના સભ્ય તરીકે આજે મહીસાગર જીલ્લાના પદાધિકારીઓ સાથે સંવાદ સાધી વેલફર બોર્ડની હાઉસની સ્કી, સ્કીલ ડેવલોપમેન્ટ, હુનર હાટ, જૂથ વીમા સહિતની જાતિ પ્રમાણપત્ર અંગેની મુશ્કેલીઓ તેમજ ૦૬-૦૬-૨૦૦૩ના જીઆર મુજબ મફત પ્લોટ ફાળવણી, શિક્ષણ, સ્કોલરશીપ સહિતના મુદ્દાઓની ચર્ચા તેમજ ભારત સરકારની યોજના અંગે જાણકારી આપી છે.



આ બેઠકમાં જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા) દ્વારા વિદ્યાર્થીઓ/લાભાર્થીઓને ચૂકવેલ સહાયની વિગત ચર્ચા કરતા જણાવ્યું હતું કે, જીલ્લામાં વર્ષ.૨૦૨૩-૨૪માં વિચરતી-વિમુક્ત જાતિના ધો.૧ થી ૧૦ પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ/ગણવેશ યોજનામાં કુલ ૧૮૫૯ વિદ્યાર્થીઓને કુલ રૂ.૩૧.૫૫ લાખ શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય ચુકવવામાં આવેલ છે. વિચરતી-વિમુક્ત જાતિના ધો.૧૧-૧૨ તથા ઉચ્ચ અભ્યાસ માટે કુલ ૬૦ વિદ્યાર્થીઓને રૂ. ૨૦.૧૬ લાખ શિષ્યવૃત્તિ મંજુર કરવામાં આવેલ, વિચરતી-વિમુક્ત જાતિના પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અન્વયે પ્રથમ હપ્તા પેટે કુલ ૭૮ લાભાર્થીઓને રૂ.૩૧.૨૦ લાખ, બીજા હપ્તા પેટે કુલ ૧૯૩ લાભાર્થીઓને રૂ.૧૧૫.૨૨ લાખ અને ત્રીજા હપ્તા પેટે કુલ ૧૧૧ લાભાર્થીઓને રૂ.૨૧.૯૦ લાખ આમ એકંદરે કુલ રૂ.૧૬૮.૩૨ લાખ સહાય ચુકવવામાં આવેલ છે.

વધુમાં જણાવ્યું હતું કે, કુંવરબાઈનું મામેરૂ યોજના અન્વયે કુલ ૧૧ કન્યાઓને રૂ.૧૩.૨૦ લાખ સહાય ચુકવવામાં આવેલ છે, માનવ ગરિમા યોજના અન્વયે કુલ ૫૫ લાભાર્થીઓનું ઓનલાઈન ડ્રો સિસ્ટમમાં પસંદગી થયેલ છે, વિચરતી-વિમુક્ત જાતિના કુલ ૪૨૬ અરજદારોને જાતિ પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવેલ છે.

આ બેઠક વિચરતી અને વિમુક્ત જાતિ વેલ્ફર સંઘ પ્રદેશ અધ્યક્ષ દિલીપભાઈ, અધિક નિવાસી કલેકટર સી વી લટા, જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી ભાવેશ ગોંસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડા જીલ્લામાં પોલીસવડાએ નકલી સીરપ કાંડમાં આરોપીના રીમાન્ડ બાદ સામે આવેલ જાણકારી જાહેર કરી

ખેડા,

પખવાડિયા અગાઉ નકલી સિરપ કાંડમાં ખેડા જીલ્લામાં મોતનું તાંડવ ખેલાયુ હતું. જેમાં સાત નિર્દોષ વ્યકિતઓએ જીવ ગુમાવ્યા હતા. ત્યારે પોલીસની તપાસમાં બધા એક બાદ એક ઘણા ખુલાસાઓ થયા છે અને આ સમગ્ર સુવ્યવસ્થિત ચાલતા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. નકલી સિરપના કાળા કારોબારમાં હાલ સુધી ૭ આરોપીની પોલીસે ધરપકડ કરી છે અને રિમાન્ડ મેળવી કડક પુછપરછ આદરી રહી છે. આ મામલે તપાસમાં શુ અપડેટ આવી છે તે વીશે જીલ્લા પોલીસ વડાએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં જણાવ્યું હતું કે, મુખ્ય આરોપી યોગેશ સિંધી મુંબઈના તોફીક પાસેથી ઈથેનોઈલ મંગાવી પોતાની ફેક્ટરીમાં સિરપ બનાવતો હતો. જયારે સામેથી હાજર રાજદીપસિંહ વાળા માત્ર ૧૨ પાસ જ હતો, પરંતુ ટેક્નિકલ જાણકાર હતો. જયારે મુંબઈનો તોફીક મુકાદમ Bsc. ફિઝીક્સ MBA થયેલો છે.



સમગ્ર રાજયને હચમચાવી મૂકેલા નકલી સિરપ કાંડમાં સાત વ્યકિતઓના મોત સામે ૭ વ્યકિતઓની પોલીસે હાલ સુધી ધરપકડ કરી છે અને એક બાદ એક રહસ્ય ઉજાગર કર્યા છે. ત્યારે આજે મંગળવારે જીલ્લા પોલીસ વડા રાજેશ ગઢિયાએ પ્રેસ કરી આ કેસમાં શું અપડેટ છે, તે વિશે જણાવ્યું હતું. જીલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, સીટની રચના કર્યા બાદ હાલ સુધી સાત આરોપીઓની ધરપકડ કરાઈ છે. જેમાંથી એકને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે. જયારે છ આરોપીઓ હાલ રિમાન્ડ પર છે, જેમાંથી બે આરોપીઓના તો ફરધર રિમાન્ડ પર છે.યોગેશ સિંધી છેલ્લા દોઢ-બે વર્ષથી ફેક્ટરી ચલાવતો હતો. યોગેશ સિંધી નડિયાદ-મહેમદાવાદ રોડ ઉપર મોકમપુરા ખાતે ત્રણ લાયસન્સના આધારે યુનિટ ચલાવતો હતો. આર્યુવેદિક સિરપ બનાવતો અને ઈથેનોલ લાવી ઉમેરતો તે બાબતના પુરાવા પણ મળ્યા છે. યોગેશ સિંધી છેલ્લા દોઢ બે વર્ષથી આ ફેકટરી ચલાવતો હતો અને યોગેશને આઈડિયા આપનાર ભરત નકુમ હતો. જોકે, હાલ ભરત નકુમ જામખંભાળિયાના કેસમાં જેલમાં છે. યોગેશ સિંધીની સાથે વડોદરાના બે વ્યક્તિઓ ભાવેશ અને નિતિન પણ સંપર્કમાં હતા. યોગેશ બહારથી અને પોતે પણ આ સિરપ બનાવતો હતો તે તેના ફેક્ટરીમાંથી માલુમ પડ્યું છે, આ ઉપરાંત એફએસએલનો પણ રિપોર્ટ આવી ગયો છે. જરૂર પડશે તો મુંબઈનો તોફીક અને વડોદરાના વડોદરાના બે વ્યક્તિઓ ભાવેશ અને નિતિન પણ ફરધર રિમાન્ડ માંગવામાં આવશે.જદીપ વાળા માત્ર ૧૨ પાસ પણ ટેકિનકલ જાણાકાર જીલ્લા પોલીસ વડાએ જણાવ્યું કે, રાજદીપ વાળા ૧૨ પાસ પણ ટેકનીકલ જાણાકાર હતો અને મુંબઈનો તોફીક મુકાદમ Bsc. ફિઝીક્સ MBA થયેલો છે. તોફીક પાસેથી ઈથેનોઈલ મંગાવી યોગેશ સિંધી પોતાની મોકમપુરા ફેક્ટરીમાં સિરપ બનાવતો હતો. વધુમાં જણાવ્યું કે, માનવ અધિકાર આયોગ દ્વારા પણ જીલ્લા તંત્ર પાસેથી દિન ૨૦માં સમગ્ર ઘટનાના અહેવાલ માંગાયા છે જે સમય મર્યાદામાં પણ મોકલી આપવામાં આવશે.

# દાહોદ જીલ્લામાં ત્રણ અલગ-અલગ માર્ગ અકસ્માતના બનાવમાં ત્રણ વ્યકિતના મોત

દાહોદ,

દાહોદ જીલ્લામાં વીતેલા ચોવીસ કલાકની અંદર માર્ગ અકસ્માતના ત્રણ બનાવોમાં ત્રણ વ્યક્તિઓના મોત નીપજ્યાંનું જ્યારે એકને શરીરે ઈજાઓ પહોંચતાં તેને સારવાર માટે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

દાહોદ જીલ્લામાં છેલ્લા કેટલાંક દિવસોથી માર્ગ અકસ્માતના બનાવોમાં વધારો નોંધાઈ રહ્યો છે. ત્યારે માર્ગ અકસ્માતના વધુ ત્રણ બનાવોમાં ત્રણ વ્યક્તિઓના મોત નીપજ્યાં છે. જેમાં માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના ખરોડ ગામેથી પસાર થતાં દાહોદ-ઝાલોદ રોડ ખાતે ગત તા.૧૦મી ડિસેમ્બરના રોજ બનવા પામ્યો હતો. જેમાં એક અજાણ્યા વાહનના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલા ઝાલોદ તાલુકાના ખરસાણા ગામે મુનીયા ફળિયામાં રહેતાં પ્રકાશભાઈ ભાથુભાઈ હઠીલા તથા તેમની સાથેના આશિષભાઈ ગોરસિંગભાઈ હઠીલાને અજાણ્યા વાહનના ચાલકે જોશભેર ટક્કર મારતાં પ્રકાશભાઈ અને આશિષભાઈ બંન્ને મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતા. જેને પગલે તેઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતી હતી. ઘટનાને પગલે સ્થાનીક લોકો તેમજ પરિવારજનો દોડી આવતાં બંન્ને ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યાં હતા. જ્યાં સારવાર દરમ્યાન આશિષભાઈનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. આ સંબંધે ઝાલોદ તાલુકાના ખરસાણા ગામે મુનીયા ફળિયામાં રહેતાં ભાથુભાઈ રૂપાભાઈ હઠીલાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ લીમખેડા તાલુકાના હાથીધરા ગામે હાઈવે રોડ પર ગત તા.૧૦મી ડિસેમ્બરના રોજ બનવા પામ્યો હતો. જેમાં એક ટ્રકના ચાલકે પોતાના કબજાની ટ્રક પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી આગળ જતી મોપેટ ટુ વ્હીલર વાહનને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં મોપેટ ટુ વ્હીલર ગાડી પર સવાર પ્રેમશંકરભાઈ રામેશ્વર મેઘવાલ (રહે. મધ્યપ્રદેશ)ના મોપેટ ટુ વ્હીલર ગાડીના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી બેસતાં તેઓ જમીન પર પટકાયાં હતાં અને જમીન પર પટકાતાંની સાથે ટ્રકનું પાછળનું ટાયર પ્રેમશંકરભાઈ પર ફરી વળતાં તેમનું મોત નીપજ્યું હતું. માર્ગ અકસ્માત સર્જી ટ્રકનો ચાલક ઘટના સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ સંબંધે મધ્યપ્રદેશના નીમચ જીલ્લાના નીમચ તાલુકામાં બોરખેડી ગામે રહેતાં કમલેશકુમાર રામેશ્વર મેઘવાલે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો ત્રીજો બનાવ દાહોદ તાલુકાના છાપરી ગામ તરફ બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૦મી ડિસેમ્બરના રોજ દાહોદ તાલુકાના રળીયાતી ગામે નિશાળ ફળિયામાં રહેતાં રેવાભાઈ વશનાભાઈ બારીયા પોતાના કબજાની ટુ વ્હીલર ગાડી લઈ છાપરી ગામેથી રતલામી પેટ્રોલપંપ જવાના રસ્તેથી પુરઝડપે અને ગફલત ભરી રીતે ટુ વ્હીલર ગાડી હંકારી પસાર થઈ રહ્યાં હતાં તે સમયે વાહનની વધુ પડતી ઝડપના કારણે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં વાહન સ્લીપ ખાઈ ગયું હતું અને જેને પગલે રેવાભાઈ ટુ વ્હીલર વાહન પરથી ફંગોળાઈ જમીન પર પટકાતાં તેઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. આ સંબંધે દાહોદ તાલુકાના રળીયાતી ગામે નિશાળ ફળિયામાં રહેતાં દેવાભાઈ વશનાભાઈ બારીયાએ દાહોદ બી ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખાનપુર તાલુકાના પાંડરવાડા ગામના આયુષ્યમાન કાર્ડના લાભાર્થી પંચાલ રસિકભાઈએ કેન્સરની નિઃશુલ્ક સારવાર કરાવી

મહીસાગર,

મહીસાગર જીલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામજનોને કેન્દ્ર અને રાજય સરકારની અનેકવિધ ફલેગશીપ યોજનાકીય લાભોની માહિતી ઘરઆંગણે પહોંચાડીને વંચિત લાભાર્થીઓને આવરી લઈ સો ટકા લક્ષ્યાંક હાંસલ કરવાના નિર્ધાર સાથે વિકસિત ભારત સંકલ્પ-રથયાત્રા ગામેગામ ભ્રમણ કરી રહ્યો છે.




વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન મેરી કહાની મેરી જુબાની અંતર્ગત મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકાના પાંડરવાડા ગામના વતની પંચાલ રસિકભાઈ જણાવે છે કે, હું લુહાર કામ કરી મારૂ અને મારા પરિવારનું ભરણ પોષણ કરૂં છું એવામાં મારા માટે કેન્સર જેવી મોટી બીમારીનું સારવાર કરવું ઘણું મુશ્કેલ હતું. ત્યારે મને સરકાર દ્વારા આયુષ્યમાન કાર્ડ કાઢી આપવામાં આવ્યું આ કાર્ડ થકી મે મારા કેન્સરનું વિનામૂલ્યે સારવાર કરાવી અને હવે હું મારા પરિવાર સાથે ખુશીથી રહું છું. આયુષ્યમાંન કાર્ડ થકી મારા કેન્સરનું વિનામૂલ્યે સારવાર કરવા બદલ હું પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો ખૂબ ખૂબ આભાર માનું છું.

નોંધનીય છે કે, આયુષ્યમાન ભારત કાર્ડ અનેક ગરીબ મધ્યમ અને અસાધ્ય રોગથી પીડાતા દર્દીઓ માટે આશીર્વાદરૂપ બન્યું છે. લાખો રૂપીયાના ખર્ચે થતું ઓપરેશન આજે આયુષ્યમાન ભારત કાર્ડથી બિલકુલ મફત થાય છે. જેના કારણે લાખો નાગરિકો આ યોજનાના લાભથી નવજીવન મેળવી શક્યા છે.

# લુણાવાડાના દળવાઈ સાવલી ગામે પુત્રનું હાર્ટ એટેકમાં મોત થતાં પુત્રનો મોત સહન નહિ થતા માતાનું પણ મોત

લુણાવાડા,

ગુજરાત રાજયમાં છેલ્લા ઘણા સમયથી યુવાનોમાં હાર્ટ એટેકના બનાવો વધી રહ્યા છે. ત્યારે લુણાવાડામાં હાર્ટ એટેકથી પુત્રના મોત થતાં આઘાતમાં માતાનું પણ મોત નિપજાવા પામ્યું.



રાજ્યમાં યુવાનોમાં હાર્ટ એટેકના બનાવો દિનપ્રતિદિન વધી રહ્યા છે અને હાર્ટ એટેકમાં કેટલાય યુવાનો જીવ ગુમાવ્યો છે. આજરોજ મહિસાગરના લુણાવાડા તાલુકાના દલવાઈ-સાવલી ગામે રહેતા અશ્વિનભાઈ પટેલ ઉ.વ.૫૬નું હાર્ટ એટેક આવતાં મોત નિપજાવા પામ્યું હતું. જોકે, પુત્રના મોતનું આઘાત માતા સહન કરી શકયા ન હતા અને પુત્રના મોત થયાની પાંચ મીનીટમાં માતા પણ દેહત્યાગ કરી દીધો હતો. આંમ, એક સાથે માતા-પુત્રની અંતિમયાત્રા નિકળતા ગામ શોકમય બન્યું હતું. અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.

# દાહોદ સાયબર સેલે સબસીડીવાળી લોનના નામે પૈસા પડાવનાર બે ઈસમોને જેલ ભેગા કર્યા

દાહોદ,

દાહોદ જીલ્લાના ગરબાડા મુકામે ફાઈનાન્સ કંપનીની ઓફિસ બનાવી ૫૦% સબસીડી વાળી લોન અપાવવા એક વ્યકિતને તબેલો નાખવા માટેની લોનની લાલચ આપી ડોક્યુમેન્ટ અને ફાઈલ તૈયાર કર્યા બાદ ફાઈલના ચાર્જ સ્વરૂપે અલગ અલગ રીતે પૈસા પડાવ્યા હતા અને ત્યારબાદ મહેસાણા મુકામે આવેલી વધુ એક ફાઈનાન્સ કંપનીની ઓફિસમાં લઈ જઈ ત્યાં પણ જુદા જુદા ચાર્જ સ્વરૂપે અરજી કરનાર પાસેથી દસ લાખ જેટલી માતબર રકમ ખંખેર્યા બાદ લોન ન મળતા છેતરપિંડીના ભોગ બનેલા પીડીતે સાયબર સેલની પોર્ટલ ઉપર ફરિયાદ કરતા દાહોદની સાયબર સેલની ટીમે ફાઈનાન્સ કંપનીની આડમાં લોન અપાવવાના બહાને લોકો પાસે પૈસા પડાવનાર બે ભેજાબાજોને જેલ ભેગા કર્યા બાદ તલસ્પર્શી તપાસ હાથ ધરી પ્રકરણમાં સંડોવાયેલાઓને ઝડપી પાડવા ચક્રોગતિમાન કરી પીડિત પાસેથી ફાળવેલા પૈસા રિકવર કરવાની તજવીજ હાથ ધરી હોવાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગરબાડા તાલુકાના બોરીયાલા રોહિતવાસ ફળિયાનો રહેવાસી મનોજ મોહનકુમાર પરમાર ગરબાડા મુકામે આદિવાસી વિસ્તારમાં વસવાટ કરતા લોકોને છેતરી પૈસા પડાવવાની દાનતે સત્યનામ ફાઈનાન્સની ઓફિસ ખોલી ૫૦% ની સબસીડી ધરાવતી જુદા જુદા પ્રકારની લોન અપાવવા માટે લોકોને વિશ્વાસમાં લેવાનો કામ કરી રહ્યો હતો. તેવામાં એક અરજદારે આ ફાઈનાન્સ કંપનીમાં તબેલો ખોલવા માટે લોન મેળવવા માટે ઈન્કવાયરી કરતા ભેજાબાજ મનોજ મોહનકુમાર પરમારે તબેલા ની લોન અપાવવા માટે ફાઈલ તૈયાર કર્યા બાદ અરજદાર પાસેથી ફાઈલ ના જુદા-જુદા ચાર્જની વસુલાત કરી હતી. એટલું જ નહીં લોભને થોભ નથી તે ઉકિતને સાર્થક કરવા અરજદારને સાથે રાખી અન્ય એક ભેજાબાજ મનોજ મોહનકુમાર પરમાર તેના જ સિન્ડીકેટના અન્ય એક ભેજાંબાજ વિષ્ણુ મોહન પરમાર રહેવાસી કસ્બા સર્વોદય મોહલ્લા ટેકરા ઉપર આંબેડકર ચોક મહેસાણા મુકામે લઈ ગયો હતો અને ત્યાં પણ બન્ને ભેજાબાજોએ ભેગા મળી જુદા જુદા ચાર્જ સ્વરૂપે અરજદાર પાસેથી ૧૦,૭૦૦૦ જેટલી માતબર રકમ ખંખેરી લીધા હતા. જે બાદ પણ અરજદારને લોન ન મળતા આખરે પોતે ઠગાઈનો ભોગ બન્યો હોય તેવું એહસાસ થતાં તે થોડીક વાર માટે આઘાતમાં સરી પડયો હતો. ત્યારબાદ ન્યાય મેળવવા મક્કમ મને સાયબર પોર્ટલ પર અરજી કરી હતી. જે બાદ દાહોદ સાયબર સેલના પી.આઈ. દિગ્વિજયસીંગ પઢિયારે અરજદારને બોલાવી સમગ્ર બનાવની માહિતી એકત્રિત કરી ગુનો રજીસ્ટર કર્યો હતો અને ત્યારબાદ હ્યુમન સોર્સ અને ટેકનિકલ સોર્સની મદદથી બંને ભેજાબાજોને ઝડપી જેલ ભેગા કર્યા હતા અને પ્રકરણમાં તલસ્પર્શી તપાસ કરી હજી કેટલા સાયબર ક્રાઈમના કેસમાં સંડોવાયેલા છે. તેઓની ધરપકડ કરવાના ચક્રોગતિમાન કર્યા છે. સાથે સાથે બંને ભેજાબાજો પાસેથી સગાઈની રકમ પણ રિકવર કરવાની તજવીજ હાથ ધરી છે.

# ફતેપુરાના કચલધરા ગામે દિપડાએ ચોવીસ કલાકમાં ત્રણ વ્યકિત ઉપર હુમલો કરતાં ગ્રામજનોમાં ફફડાટ

દાહોદ,

દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના કચલધરા ગામે દિપડાનો આતંક વધવા માંડ્યો છે. ચોવીસ કલાકની અંદર દિપડાએ ત્રણ વ્યકિતઓ ઉપર હુમલો કરતાં ત્રણેય ઈજાગ્રસ્તોને નજીકના દવાખાને સારવાર માટે ખસેડવામાં આવ્યાં હોવાનું તેમજ દિપડાના આતંકને પગલે ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

ફતેપુરા તાલુકાના કચલધરા ગામે દિપડાના આતંકને પગલે સ્થાનીક લોકોનું સાંજના સમય બાદ ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. દિપડાને આતંકને પગલે ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. ત્યારે દિપડાએ ત્રણ વ્યક્તિઓ ઉપર હુમલો કરતાં ત્રણેયને સારવાર માટે ખસેડવામાં આવ્યાં છે. કચલધરા ગામે રાત્રિના સમયે ઘરની બહાર લઘુશંકા કરવા નીકળેલ વ્યકિત ઉપર દિપડાએ ઓચિંતો હુમલો કરતાં બુમાબુમ થઈ ગઈ હતી. દિપડાના ચંગુલમાંથી વ્યકિતને છોડવવા તેનો ભાઈ દોડી ગયો હતો અને થોડીવારમાં ગ્રામજનોમાં પણ દોડી આવતાં દિપડના ચંગુલમાંથી વ્યકિતને છોડવ્યો હતો. દિપડાના હુમલાને પગલે વ્યકિતને શરીરે,હાથે પગે ઈજાઓ પહોંચી હતી. ત્યારે દિપડાના હુમલામાં વધુ બે વ્યકિતઓને પણ શરીરે ઈજાઓ થવા પામી હતી. જેમાં કચલધરા ગામે નિશાળ ફળિયામાં નીલ ગાયને ખેતરમાંથી ભગાવવા જતાં વૃધ્ધ ઉપર તેમજ ત્યાર બાદ મોટરસાઈકલ પર જઈ રહેલા વ્યકિત ઉપર દિપડાએ હુમલો કરતાં બંન્ને શરીરે, હાથે પગે ઈજાઓ થવા પામી હતી. આમ, ત્રણેય વ્યકિતઓ ઉપર દિપડાએ હુમલો કરતાં ત્રણેયને સારવાર માટે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યાં હતાં. ગ્રામજનોમાં દિપડાના આતંકને પગલે ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. ત્યારે આ અંગેની જાણ સ્થાનીક વન વિભાગના અધિકારીઓ તેમજ કર્મચારીઓને થતાં તેઓ ગામમાં અને જંગલ વિસ્તારમાં દિપડાને પાંજરે પુરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. દિપડાને પાંજરે પુરવા માટે વન વિભાગની ટીમ દ્વારા પાંજરા પણ મુક્યાં છે.

# મહીસાગર જીલ્લામાં વિવિધ માગોને લઈ પોસ્ટ વિભાગના GDS કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતર્યા




લુણાવાડા,

મહીસાગર જીલ્લાના પોસ્ટ વિભાગના ગ્રઉજ કર્મચારીઓ પડતર માગોને લઈ અચોક્કસ મુદ્દતની હડતાળ ઉપર ઉતર્યા છે, લુણાવાડા પોસ્ટ ઓફિસ ખાતે એકત્રિત થઈ સુત્રોચાર કરી પોતાની પડતર માગોને લઈ રજુઆત કરી હતી. હાલ લુણાવાડા પોસ્ટ ઓફિસ ખાતે ૫૦ જેટલા કર્મચારીઓ હડતાળમાં જોડાયા છે. તેમજ મહીસાગર જીલ્લામાં અલગ અલગ તાલુકાઓમાં પણ GDS કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા છે.

હડતાળ પર ઉતરેલા GDS કર્મચારી પ્રિયંકાબેનએ જણાવ્યું હતુ કે, આજે અમે સૌ GDS ભાઈ બહેનો હડતાળ પર છીએ, અમારી પાંચ માગો છે, જે હજી સુધી સ્વીકારવામાં આવેલ નથી. જેમાં અમને પાંચ લાખ મેડિકલ સહાય, ગ્રેજ્યુએટી ૫ લાખની, આઠ કલાકની નોકરી આપો અને બીજી મેડિકલ ફેસિલિટી આપો, પુરા દેશભરમાં આ હડતાળ ચાલે છે, તેમજ મહીસાગર જીલ્લામાં લુણાવાડાની એસઓની ૩૦ BO અને બાકોર, પાંડરવાડા, કોઠંબા, મલેકપુર, દિવડા એસઓ જેમાં અંદાજીત ૩૦૦ થી વધુ GDS કર્મચારીઓ આ હડતાળમાં જોડાયા છે.

# ઝારખંડમાં કોંગ્રેસ નેતાના ઘરેથી ૩૦૦ કરોડ રૂપીયાનો કાળા નાળાનો મામલો

દાહોદ,

દેશમાં નરેન્દ્ર મોદીની સરકાર છે અને છેલ્લા કેટલાય મહિનાઓથી કોંગ્રેસના સાંસદો અને ધારાસભ્યોના ઠેકાણાઓ ઉપર રેડો પડી રહી છે. જેમાં કેટલીય જગ્યાઓ ઉપરથી રોકડ અને બેનામી સંપત્તિ તેમજ બિન હિસાબી રેકર્ડ મળી આવ્યા છે. ત્યારે ચૂંટણી સભાઓમાં મોદી અને અમિત શાહ દ્વારા ભાષણોમાં જણાવે છે કે, ૭૦ વર્ષોથી લૂંટેલું જનતાની પાઈ પાઈ કોંગ્રેસ પાસેથી વસુલ કરીશું અને કાળું નાનું દેશની સમક્ષ લાવીશુ. ત્યારે હવે ઈન્કમટેક્સ વિભાગે ઝારખંડ ઓડિસા અને પશ્ચિમ બંગાળ એમ ત્રણ રાજ્યોમાં કોંગ્રેસના રાજ્યસભાના સાંસદ ધીરજ સાહુ અને તેના સગા સંબંધીઓ અને તેના મિત્રોના ૧૦ ઠેકાણાઓ પરથી ત્રણ દિવસના ઓપરેશન દરમિયાન ૩૦૦ કરોડ રૂપિયાની રોકડ મળી આવી છે. ઈન્કમટેક્સ વિભાગની ટીમો પણ રૂપીયા ગણવામાં ઓછી પડતી જોવા મળી છે જે રૂમ ખોલો એમાં રૂપીયા ભરેલા જોવા મળતા હતા. ત્યારે કોંગ્રેસના નેતાઓએ જણાવ્યું હતુ કે, ધીરજ સાહુ એ બિઝનેસ મેન છે અને બિઝનેસ મેનને ત્યાં રૂપીયા જોવા મળે. ત્યારે ભાજપે આ મામલે સોનિયા ગાંધી રાહુલ ગાંધી અને પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને કટેરામાં ઉભા કરી સવાલો પૂછ્યા છે કે આ આટલા બધા રોકડા રૂપીયા આવ્યા ક્યાંથી ૭૦ વર્ષોથી જનતાને લૂંટવાનું કામ કરતા હતા. તેવા આક્ષેપોને કોંગ્રેસે નકારી અને જણાવ્યું કે, ધીરજ સાહુ ઉદ્યોગપતિ છે અને ઉદ્યોગપતી પાસે રોકડ હોય અને તેને લઈને દાહોદ ભાજપે આજે પાલિકા ચોક ખાતે હાથમાં બેનરો લઈને કોંગ્રેસના સોનિયા ગાંધી રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેને આડે હાથ લઈ વિરોધ દર્શાવી જણાવ્યું હતુ કે મહોબ્બતની દુકાન ખોલનારાઓને ત્યાંથી કાળું નાનું મળી આવી રહ્યું છે કોંગ્રેસ વર્ષોથી ભ્રસ્ટાચાર કરતી આવી છે અને રાહુલ ગાંધી હાય હાય સોનિયા ગાંધી હાયના ભાજપે નારાઓ મારી ભારે વિરોધ દર્શાવ્યો હતો અને ધીરજ સાહુના ત્રણ રાજ્યોના ૧૦ ઠેકાણાઓ પરથી મળી આવેલા ૩૦૦ કરોડ રૂપિયાના વિરોધમાં ભાજપના નેતાઓએ વિરોધ દર્શાવી કોંગ્રેસ વિરોધી નારાઓ માર્યા હતા.

# આપની આજ.......

મેષ : આજે તમે કંઈક વિશેષ અને કંઈક અલગ બતાવવા માગો છો. આજે આર્થિક દિશામાં સફળતા મળશે. વાણીની નરમાઈ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે. તમારા સ્વાસ્થ્ય વિશે સાવધાન રહેવું.

વૃષભ : રાજ્ય અને સરકારી ક્ષેત્રને લગતી બાબતોમાં આજનો દિવસ અનુકૂળ છે. તમારા પ્રયત્નો સફળ થશે. તમને ક્ષેત્રમાં અધિકારીઓ અને વરિષ્ઠ લોકોનો સહયોગ મળશે.

મિથુન : આજે વધુ કામના કારણે પરિવારના સભ્યો અને જીવનસાથીને સમય આપી શકશો નહીં. કોઈ વ્યક્તિ સાથે ધાર્મિક વિવાદની ચર્ચા ના કરો. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે.

કર્ક : આજે ગુપ્ત શત્રુઓ અને ઈર્ષાળુ સાથીઓથી સાવધાન રહો, તે વધુ સારું રહેશે. તમને આર્થિક દિશામાં સફળતા મળશે. લોકો તમારા વર્તનથી પ્રભાવિત થશે અને તમારી પ્રતિષ્ઠા વધશે. સ્વાસ્થ્ય પ્રત્યે સભાન બનો, નહીં તો મુશ્કેલી આવી શકે છે. ભોજનમાં ધ્યાન રાખો.

સિંહ : તમારી રાશિના જાતકોમાં માનસિક ત્રાસ ઊભા થઈ શકે છે. પરંતુ, પારિવારિક જીવનમાં પ્રેમ રહેશે. આજે સંપત્તિ, પદ, પ્રતિષ્ઠા વધશે. ધંધામાં ધનનો લાભ થશે. કોઈ બાબતે માનસિક અસ્વસ્થતા હોઈ શકે છે. વિદ્યાર્થીઓની પરીક્ષા તરફ કરવામાં આવેલ મહેનત સાર્થક થશે.

કન્યા : તમારી શકિતમાં વધારો કરી રહ્યા છે. શત્રુ તમારી સંપત્તિ, ધનશક્તિની વૃદ્ધિની ઈર્ષ્યા કરશે. પારિવારિક જીવન સુખી રહેશે. તમને સરકારનો સંપૂર્ણ સહયોગ મળશે. અટકેલા કાર્યો પૂરા થશે. કોઈ કિંમતી વસ્તુ ખોવાઈ જવા અથવા ચોરી થવાની સંભાવના છે, જેનું તમારે ધ્યાન રાખવું જોઈએ.

તુલા : આજે રોજગારી મળે તેવી સંભાવના છે. આર્થિક દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો પણ સફળ થશે. તમારા ભોજનમાં નિયંત્રણ રાખો. સાસરિયાઓથી લાભ થશે. કોઈ પણ વ્યક્તિ સાથેની કોઈ વાદ-વિવાદમાં પડશો નહીં.

વૃશ્ચિક : આજે તમને રોજગારીની દિશામાં સફળતા મળશે. આજે તમને કોઈ વિશેષ કાર્યને કારણે ભેટ અને સન્માનનો લાભ મળી શકે છે. આજે તમે અન્ય લોકોનો સહયોગ મેળવી શકશો. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે. કોઈ મિત્ર કે સબંધીને મળી શકો છો.

ધન : આ સમયે ભાઈ-બહેનો સાથે સંકલનનો અભાવ હોઈ શકે છે. જોકે વ્યાવસાયિક યોજનાને વેગ મળશે. સ્વાસ્થ્ય પ્રત્યે સભાન રહો અને બેદરકારી ટાળો. ક્ષેત્રમાં સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. મનોરંજનની તકો પ્રાપ્ત થશે. વિરોધીઓ પરાજિત થશે.

મકર : આજે જૂના રોગમાંથી છૂટકારો મેળવશો. ધંધાકીય દિશામાં તમને સફળતા મળશે. ખાવા-પીવામાં સમય રાખો. આજે બિનજરૂરી ખર્ચાનો સામનો કરવો પડી શકે છે. વિરોધીઓ આજે હારશે. તમને રોજગારીમાં સફળતા મળશે. સંતાન તરફથી ચિંતા થઈ શકે છે.

કુંભ : આજે ઘર માટે જરૂરી વસ્તુઓમાં વધારો થશે. કોઈ કર્મચારી અથવા સંબંધીના કારણે તણાવ વધી શકે છે. પૈસા-વ્યવહારમાં સાવચેત રહો, નહીં તો નુકસાન થઈ શકે છે. સાસરિયા પક્ષથી તમને ફાયદો થઈ શકે છે. વાહન ચલાવતા સમયે સાવધાની રાખવી.

મીન : આજે જૂના ઝઘડા અને મુશ્કેલીઓમાંથી મુક્તિ મળશે. આજે વ્યાવસાયિક પ્રતિષ્ઠા વધશે. ભેટ અને સન્માનનો લાભ આજે મેળવી શકાય છે. કોઈ કાર્ય પૂર્ણ થતાં જ તમારો સ્વભાવ અને વર્ચસ્વ વધશે. સાસરિયા તરફથી તણાવ મળી શકે છે. મિત્રો સાથેના સંબંધો સારા રહેશે.

Vibrant GUJARAT 10-12 Jan 2024
Gateway to the Future | 10th Global Summit

ગુજરાત સરકાર
CELEBRATING 20 Years of VIBRANT GUJARAT



ગરબાને મળ્યું
**સાંસ્કૃતિક વારસાનું સન્માન**
વાઈબ્રન્ટ ગુજરાતનું
**વધ્યું માન**

માતાજીની આરાધના માટે ગરબે ઘૂમવાની પરંપરા ગુજરાતની આગવી ઓળખ છે.
UNESCO દ્વારા 'અમૂર્ત સાંસ્કૃતિક વારસા' તરીકે ગરબાની પસંદગી કરવામાં આવી છે.
વિશ્વના દરેક ખૂણે વસતા ગુજરાતીઓ માટે આ ગૌરવની ક્ષણ છે.
આ પ્રસંગે સૌ ગુજરાતીઓને ખૂબ ખૂબ અભિનંદન.



# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## ગોધરા તાલુકાના સામલી ગામે ખોટા દસ્તાવેજની જમીન પચાવી પાડવાના ગુનામાં આરોપી ફારૂક મહંમદ મણકીના આગોતરા જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

ગોધરા,

ગોધરા તાલુકાના સામલી ગામે ખોટા દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કરી ગુન્હો આચરનાર આરોપી વિરૂદ્ધ ગોધરા તાલુકા પોલીસ મથકે નોંધાયેલ ગુનામાં આરોપીએ આગોતરા જામીન અરજી પ્રિન્સીપલ ડિસ્ટ્રીક્ટ જજ કોર્ટમાં કરેલ હોય તેની સુનાવણી હાથ ધરાઇ હતી અને આગોતરા જામીન અરજી નામંજુર કરાઇ.

ગોધરા તાલુકાના સામલી ગામે રહેતા ફરિયાદી કાળુભાઇ મંગળભાઇ પટેલ તથા તેમની બહેન મરણજનાર અખમબેન નામની સામલી ગામે ખાતા નં.૨૮૫ સર્વે નં.૪૧૮,૪૫૫,૬૦૦,૬૬૫,૬૭૬,૬૭૭ વાળી તથા ખાતા નં.૩૪૪ સર્વે નં.૪૧૭ વાળી કાકાની છોકરી રચલીબેન સુકાભાઇ પટેલની સંયુક્ત માલિકની જમીન આવેલ હતી. તે જમીન કાળુભાઇ પટેલની જાણ બહાર બારોબાર પચાવી પાડવાના હેતુથી ષડયંત્ર રચ્યું હતું. આરોપીઓ કાનાભાઇ ભરવાડ (રહે. ભામૈયા, તા.ગોધરા), મણીભાઇ સાલમભાઇ બારીયા (રહે. ગોકળપુરા, તા.શહેરા), મહેશભાઇ પટેલ (રહે. મોરવા(રેણા) તા.શહેરા), વિકાભાઇ ભરવાડ (રહે. મોરવા(રેણા), તા.શહેરા), ફારૂક મહંમદ મણકી (રહે. સાતપુલ, ચુંચલા પ્લોટ, ગોધરા), મહેન્દ્રભાઇ મીઠાભાઇ વણકર (રહે. સામલી, તા.ગોધરા), લીમ્બાભાઇ લાખાભાઇ વણકર (રહે. સામલી, તા.ગોધરા), પ્રવિણભાઇ શંકરભાઇ પરમાર (રહે. ગોધરા)ના સાથ સહકારથી ફરિયાદી કાળુભાઇ પટેલની બહેન અખમબેનના નામની ભળતી વ્યક્તિ આરોપી મણીભાઇ બારીયાની માતા અખમબેન સાલમભાઇ બારીયા જે તથા તેણીનું પેઢીનામું ગોકળપુરા ગ્રામ પંચાયત માંથી મેળવ્યું હતું. તથા ફરિયાદી કાળુભાઇ મંગળભાઇ પટેલ પોતે જીવિત અને પરણીત હોવા છતાં મરણના તથા અવિવાહિત હોવાના ખોટા સોગંદનામા (એફિડેવીટ) તા.૦૬/૦૬/૨૦૨૩ના રોજ ગોધરા મામલતદાર કચેરીમાં તૈયાર કરી તેમજ ફરિયાદના પિતાના ભળતા નામવાળા મંગળભાઇ ઝવરાભાઇ બારીયાના નામનું ખોટું પેઢીનામું સામલી તથા વાવડી ખુર્દ ગ્રામ પંચાયત માંથી તા.૧૪/૦૭/૨૦૨૩ તથા તા.૧૦/૦૮/૨૦૨૩ના રોજ મેળવી તેમજ કાળુભાઇ પટેલની બહેન અખમબેનના મરણની ખોટી વારસાઇ સામલી ગ્રામ પંચાયતમાંથી તા.૦૭/૦૨/૨૦૨૩ના રોજ તથા ફરિયાદીના બહેનના નામ બાબતે તા.૦૪/૦૧/૨૦૨૨ના રોજ ગોકળપુરા ગ્રામ પંચાયતમાં ખોટું સોગંદનામું કરી ખોટા દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ લઈ આરોપીઓએ એકબીજાની મદદગારીથી કાળુભાઇ પટેલ તથા કુટુંબીની સંયુક્ત જમીનમાં આરોપી મણીભાઇ સાલમભાઇ બારીયા તથા તેની બહેનોના નામો દાખલ કરાવ્યા. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ઈ.પી.કો.કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪, ૧૨૦ (બી) મુજબ ગુનો દાખલ કરેલ આ ગુનામાં આરોપી ફારૂક મહંમદ મણકી દ્વારા ગોધરા પ્રિન્સીપલ ડીસ્ટ્રીક્ટ જજ પી.વી.શ્રીવાસ્તવની કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરેલ જામીન અરજી કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોરની વિગતવાર દલીલો તથા તપાસ કરનાર અધિકારીએ રજુ કરેલ એફિડેવીટ તથા પોલીસ તપાસના કાગળો ધ્યાને રાખી આરોપી મહંમદ મણકીની આગોતરા જામીન અરજી નામંજુર કરી.

## શહેરાના રેણા ગામે છોટાઉદેપુર ખનિજ વિભાગની ફલાઈંગ સ્કવોડે ૮ વાહનો સહિત ૫ કરોડનો મુદ્દામાલ ઝડપ્યો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકામાં ગ્રેનાઈટ પથ્થર, સફેદ પથ્થર અને રેતી જેવી ખનિજ સંપત્તિનું મોટાપાયે અનઅધિકૃત રીતે ખનન થતું હોવા છતાં પંચમહાલ જીલ્લા ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ અજાણ હોય તેમ આંખ આડા કાન કરતાં હોય તેવામાં છોટાઉદેપુર જીલ્લા ખાણ ખનીજ ફ્લાઈંગ સ્કવાર્ડની ટીમે સપાટો બોલાવી અનઅધિકૃત રીતે ગ્રેનાઈટ પથ્થરના ખનન સામે કાર્યવાહી કરતાં પંચમહાલ જીલ્લા ખાણ ખનીજ વિભાગ આ બાબતે અજાણ હશે કે પછી ચાલે છે.. ચાલવા દો...ની નિતી તો નહીં અપનાવતા હોય તેવા સવાલો ઉઠ્યા.

શહેરા,

ગત તા.૧૦મી ડિસેમ્બરના રોજ છોટાઉદેપુર ખાણ ખનીજ વિભાગના ફ્લાઈંગ સ્કવાર્ડ અધિક નિયામકની સૂચનાને લઈને છોટાઉદેપુર ફ્લાઈંગ સ્કવાર્ડની ટીમ દ્વારા પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના રેણાં ગામે સર્વે નં.૪૩/૧ માં આવેલ અરવિંદભાઈ મનુભાઈ પટેલના નામની ગ્રેનાઈટ પથ્થરની લિઝમાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી,જેમાં ફ્લાઈંગ સ્કવાર્ડની ટીમની તપાસ દરમિયાન લીઝ વિસ્તારની આસપાસ અનઅધિકૃત રીતે ગ્રેનાઈટ પથ્થરનું ખોદકામ કરવામાં આવતું હોવાનું નજરે પડતા તપાસ ટીમ દ્વારા ખોદકામ કરાયેલ જગ્યાની તપાસ કરાતા લીઝ નજીક આવેલ સર્વે નંબર ૯૪૨ અને ૯૪૩માં ગેરકાયદેસર રીતે ગ્રેનાઈટ પથ્થરનું ખોદકામ થતું હોવાનું માલુમ પડતા ગ્રેનાઈટ પથ્થરનું વહન કરતાં બે હિટાચી મશીન, પાંચ ટ્રેલર અને એક ડમ્પરને જપ્ત કરવામાં આવ્યું હતું. સાથેસાથે સ્થળ પરથી ૨ વાયર શો મશીન, ૧ જનરેટર તેમજ પીળા કલરની જમીન પર ફિક્સ કરેલ SSE કંપનીની એક ક્રેન પણ સિઝ કરવામાં આવી હતી. આમ, રેણાં ગામે અનઅધિકૃત રીતે ગ્રેનાઈટ પથ્થરનું ખનન કરાતું હોવાનું સામે આવતા છોટાઉદેપુર ફ્લાઈંગ સ્કવાર્ડની ટીમે ૮ જેટલા વાહનો સહિત અંદાજીત રૂ.૫ કરોડનો મુદ્દામાલ કબ્જે લઈ ગોધરા ખાણ ખનીજ વિભાગની કચેરીના કમ્પાઉન્ડમાં મુકવામાં આવી હતી. સાથે જ જ્યાં ખોદકામ કરવામાં આવતું હતું. તે જગ્યાએ માપણી કરી દંડનીય કાર્યવાહી હાથ ધરાઈ હતી.

## મોરવા હડફના સુલિયાત ખાતે "સૌને અન્ન-સૌને પોષણ" જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત જાગૃતતા કાર્યક્રમ યોજાયો



ગોધરા,

મોરવા હડફ ધારાસભ્ય નિમિષાબેન સુથારની અધ્યક્ષતામાં તથા જીલ્લા પુરવઠા અધિકારી એચ.ટી.મકવાણાની પ્રેરક ઉપસ્થિતિમાં મોરવા હડફ તાલુકાના સુલિયાત ગામે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' અંતર્ગત "સૌને અન્ન–સૌને પોષણ" જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત જાગૃતતા કાર્યક્રમ યોજાયો હતો. સંકલ્પ યાત્રા દરમિયાન સરકારની પ્રજાલક્ષી યોજનાઓ અંગે ફિલ્મ નીહાળી ગ્રામજનોએ વિકસિત ભારતના નિર્માણમાં પોતાની ભાગીદારી સુનિશ્ચિત કરવા શપથ લીધા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત નાગરિકોને અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ અંતર્ગત O.N.O.R.C, ફોર્ટિફાઇડ રાઈસ, ડબલ ફોર્ટિફાઇડ સોલ્ટ, વન નેશન વન રેશન કાર્ડ, પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના સહિત યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. આ તકે ઉપસ્થિત ૩૦૦થી વધુ નાગરિકોએ MY Ration એપ ડાઉનલોડ કરીને સરકારની યોજનાનો અંગે માહિતી મેળવી હતી.

આ કાર્યક્રમમાં "ધરતી કહે પુકાર" અંતર્ગત બાળકોએ નુકકડ નાટક પ્રસ્તુત કરીને પ્રાકૃતિક કૃષિ અપનાવી પર્યાવરણના રક્ષણ માટે ગ્રામજનોને જાગૃત કર્યા હતા. લાભાર્થીઓએ પણ આ પ્રસંગે સરકારી યોજનાના લાભથી પોતાના જીવનમાં આવેલા આમુલ પરિવર્તનની સફળ વાર્તા "મેરી કહાની, મેરી જુબાની" કાર્યક્રમ અંતર્ગત ગ્રામજનો સમક્ષ પ્રસ્તુત કરી હતી.

આ પ્રસંગે મામલતદાર, તાલુકા પંચાયત પ્રમુખ, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા હેલ્થ અધિકારી સહિત સંબંધિત વિભાગના અધિકારી, કર્મચારીઓ, લાભાર્થીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## શહેરા તાલુકાના વાઘજીપુર ગામ ખાતે આવેલ શ્રીસ્વામિનારાયણ કુમકુમ મંદિરનો ૨૨મો પાટોત્સવ ઉજવાશે



શહેરા,

તા.૧૩–૧૨–૨૦૨૩ને બુધવારના રોજ સદ્દગુરૂ શાસ્ત્રી શ્રી આનંદપ્રિયદાસજી સ્વામી સંસ્થાપિત પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકામાં આવેલ વાઘજીપુર ગામના શ્રી સ્વામિનારાયણ મંદિર–કુમકુમ ખાતે તેના ૨૨મા પાટોત્સવ પ્રસંગે સવારે૯–૦૦ થી ૧૨–૦૦ શ્રી અબજીબાપા વાતોની પારાયણ કરવામાં આવશે. આ પ્રસંગે શાસ્ત્રી શ્રી હરિકૃષ્ણસ્વરૂપદાસજી સ્વામી, શ્રી હરિવલ્લભદાસજી સ્વામી, શ્રી પ્રેમવત્સલદાસજી સ્વામી કથામૃતનું પાન કરાવશે. આ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ ભગવાન અને તેમના સંકલ્પ સ્વરૂપોનું ષોડ્શોપચારથી પૂજન, અર્ચન, આરતી કરવામાં આવશે. આ પ્રસંગે પંચમહાલ જીલ્લાના અનેક ભક્તો આ પ્રસંગે આ મહોત્સવનો લાભ લેવા પધારશે. તા.૧૨ નારોજ કુમકુમ મંદિર ખાતે કીર્તનભક્તિ–સત્સંગ સભા યોજવામાં આવી હતી. કુમકુમ મંદિરના સાધુ પ્રેમવત્સલદાસજીએ જણાવ્યું હતું કે, આજથી ૨૨ વર્ષ પહેલા સદ્ગુરૂ શાસ્ત્રી શ્રી આનંદપ્રિયદાસજી સ્વામીએ આ વાઘજીપુર મંદિરની સ્થાપના કરી હતી અને તેઓ અનેક વખત અહીં પધારીને અનેક ભક્તોને વ્યસનથી મુક્ત કર્યા છે અને સદાચાર અને શીલના પાઠ શીખવ્યા છે. તેથી પંચમહાલના ભક્તો સુખી અને સંપન્ન બન્યા છે. આ કુમકુમ મંદિર દ્વારા યુવાનોમાં સારા સંસ્કારોનું સિંચન થાય તે માટે અનેક વખત સત્સંગ સભા પણ યોજવામાં આવે છે.

## શહેરામાં ગૌવંશ કત્તલમાં પકડાયેલ બે આરોપીઓને નીચલી કોર્ટે આપેલ જામીન પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ રદ કરી આરોપીઓને હાજર થવા હુકમ

શહેરા,

શહેરાના ઢાકલીયા રોડ ઉપર તળાવ કાંઠામાં ઝાડીઓમાં ગૌવંશ કત્તલ માટે રાખેલ હોય રેઈડ દરમિયાન બે આરોપી ઝડપાઈ ગયા હતા અને આરોપીઓ શહેરા નીચલી અદાલત દ્વારા જામીન મુકત કરાયા હતા. શહેરા પોલીસે આરોપીઓના જામીન રદ કરવા પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજની કોર્ટમાં અરજી દાખલ કરતાં ગૌવંશના કેશમાં આજીવન કેદની જોગવાઈને ધ્યાને લઈ આરોપીઓના જામીન રદ કરી હાજર થવાનો હુકમ કરવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના ઢાકલીયા રોડ ઉપર તળાવ કિનારે ઝાડી ઝાખરામાં ગૌવંશને કત્તલ માટે ગોંધી રાખ્યા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી ગૌવંશનું માંસ તથા ૬ જીવતા બળદો, બાઈક અને મોબાઈલ સહિતના મુદ્દામાલ સાથે ઈદરીશ રસીદ શેખ, નાસીર હકીમ શેખને ઝડપી પાડવામાં આવ્યા હતા. આરોપીઓને નીચલી અદાલતમાં રજુ કરતાં રીમાન્ડ નામંજુર કર્યા હતા. બાદમાં આરોપીઓએ જામીન અરજી મુકતાં નીચલી અદાલત દ્વારા આરોપીઓને છોડ મુકવામાં આવ્યા હતા. આરોપીઓને છોડી મુકતા શહેરા પોલીસે સ્પેશ્યલ પબ્લીક પ્રોસીક્યુટર જે.એચ.પાઠક દ્વારા શહેરા નીચલી કોર્ટ માંથી મળેલ જામીન રદ કરવામ માટે નામ.પ્રિન્સી.ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ પી.વી.શ્રીવાસ્તવ કોર્ટમાં અરજી દાખલ કરતાં પબ્લીક પ્રોસીક્યુટર જે.એ.પાઠકની રજુઆત ગૌવંશના કેશમાં આજીવન કેદની સજાની જોગવાઈ હોય ધ્યાને લઈ આરોપીઓના જામીન રદ કરવાની દલીલો કરતાં કોર્ટે આરોપીઓના જામીન રદ કરી હાજર થવા હુકમ કરવામાં આવ્યો.


## જાહેર નોટીસ

### એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી શહેરાની કોર્ટમાં મુ.શહેરા

**અરજદારઃ-** સોલંકી નરવતસિંહ વિજયસિંહ, રહે.જુની વાડી, તા.શહેરા, જી.પંચમહાલ.

વિરૂધ્ધ

**સામાવાળાઃ-**તલાટી કમ મંત્રીશ્રી, વાડી, તા.શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના માતા નામે **સોલંકી પુજીબેન વિજયસિંહનું** તા.૦૫/૧૦/૨૦૧૪ ના રોજ મોજે.વાડી, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે મરણ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે માતાના મરણની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૨૧૬/૨૦૨૩ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે મરણની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.

આજ તા. ૧૧, માહેઃ–ડીસેમ્બર, સને ૨૦૨૩ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર શહેરા


## ગોધરામાં ઉત્તરાયણ પર્વમાં ચાઈનીઝ દોરી અને તુકકલના વેચાણ અટકાવવા પ્રાંત અધિકારીએ પટેલવાડા દુકાનોમાં ચેકીંગ કર્યું



ગોધરા,

ગોધરા શહેરમાં ઉત્તરાયણના પર્વમાં પતંગની દુકાનોમાં પ્રતિબંધીત ચાઈનીઝ દોરીનું વેચાણ થતું અટકાવવા માટે ગોધરા પ્રાંત અધિકારીએ બી ડીવીઝન પોલીસ સાથે રાખી પટેલવાડામાં આવેલ દુકાનમાં આકસ્મિક ચેકીંગ કરાયું. ગોધરા શહેરમાં ઉત્તરાયણના પર્વમાં પ્રતિબંધીત ચાઈનીઝ દોરી અને તુક્કલનું વેચાણ થતું અટકાવવા માટે ગોધરા પ્રાંત અધિકારીએ બી ડીવીઝન પોલીસને રાથે રાખી ચેકીંગ કરવામાં આવ્યું. ગોધરા પટેલવાડા વિસ્તારમાં આવેલ કિશોર ટ્રેડર્સ નામે દોરાની દુકાનમાં આકસ્મિક તપાસ હાથ ધરાઈ હતી. ઉત્તરાયણ પર્વ પહેલા ગોધરા શહેરમાં ચાઈનીઝ દોરા અને તુકકલ વેચાણ અટકાવવા માટે ચેકીંગ કરતાં ચાઈનીઝ દોરીનું છુપી રીતે વેચાણ કરતાં વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## હાલોલ પાલિકા હોલમાં જીલ્લા પુરવઠા અધિકારી મધ્યાહન યોજના સંચાલકો સાથે મીટીંગ કરી સુચનો કર્યા



હાલોલ,

હાલોલ તાલુકામાં આવેલી પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકોને બપોરે આપવામાં આવતું ભોજન અને સાંજે આપવામાં આવતો નાસ્તો નિયમિત અને સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા પૌષ્ટિક આહારના મેનુ મુજબનો બાળકોને મળી રહે તે માટે આજે હાલોલ નગરપાલિકાના હોલમાં જીલ્લા પુરવઠા અધિકારી એ તમામ શાળાના આચાર્યો તથા મધ્યાહન ભોજન યોજનાના સંચાલકો સાથે બેઠક કરી જરૂરી સૂચનાઓ આપી હતી. ખાસ કરી તમામ શાળાઓ માં બાળકોને સાંજ નો નાસ્તો ફરજીયાત મળે તે માટે ભાર પૂર્વક જણાવ્યું હતું. જો કોઈ કચાસ રહેશે તો જવાબદારો સામે સખત પગલાં ભરવામાં આવશે. તેવું જણાવતા પ્રાથમિક શાળાના આચાર્યો તથા સંચાલકોમાં બાળકોને આપવામાં આવતા ભોજન અને નાસ્તાની અનિયમિતતા ને લઈ ફફડાટ વ્યાપ્યો છે. પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી એચ.ટી. મકવાણાએ હાલોલ મામલતદાર જોશી અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને સાથે રાખી તમામ પ્રાથમિક શાળાઓના આચાર્યો અને મદયાહન ભોજન યોજના હેઠળ બાળકોને પૌષ્ટિક આહાર આપતા સંચાલકોની એક બેઠક યોજી તમામ પ્રાથમિક શાળાઓમાં બાળકોને આપવામાં આવતું ભોજન સરકારે નક્કી કરેલા આહાર મુજબ નિયમિત મળે તેવી વ્યવસ્થા કરવા માટે સૂચનો કર્યા હતા. અને સાંજે ચાર વાગ્યે બાળકોને ફરજીયાત આપવાનો નાસ્તો આપવામાં કોઈ કચાસ કે ફરિયાદ મળશે તો જવાબદાર સામે સખત પગલાં લેવાશે. તેવો સ્પષ્ટ નિર્દેશ કરતા બાળકોની તંદુરસ્તી માટેની મદ્યાહન ભોજન વ્યવસ્થા અને સાંજના નાસ્તામાં લાલીયાવાડી ચલાવતા આચાર્યો અને સંચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## ગોધરા વ્હોરવાડ આમલી ફળીયાના બળાત્કારના આરોપીની આગોતરા જામીન અરજી નામંજુર કરાઈ

ગોધરા,

ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે આરોપીએ ફરિયાદીના અશ્લીલ ફોટા પાડી ફોટો વાયરલ કરવાની ધમકી આપી અવારનવાર બળાત્કાર કર્યાના ગુન્હામાં આરોપીના આગોતરા જામીન અરજી પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ જજ નામંજુર કરી.

વિસ્તૃત વિગતો મુજબ ગોધરા વ્હોરવાડ આંબલી ફળીયામાં રહેતા અલીઅસગર હમજાભાઇ માતરીયાવાલા એ ફરિયાદીની જાણ બહાર અશ્લીલ ફોટો પાડી ફરિયાદીને ફોટો બતાવી વાયરલ કરવાની ધમકી આપી અવારનવાર બળાત્કાર કર્યાની ફરિયાદ આપેલ હતી. આરોપી અલીઅસગર હમજાભાઇ માતરીયાવાલાએ પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ જજની કોર્ટમાં આગોતરા જામીન અરજી નં.૯૦૧/૨૦૨૩ દાખલ કરેલ જે પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ જજ પી.વી.શ્રીવાસ્તવની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોરની દલીલો તથા તપાસ અધિકારીએ રજુ કરેલ એફિડેવીટ પોલીસ તપાસના પેપરને ધ્યાને લઈ આરોપી અલીઅસગર હમજભાઇ માતરીયાવાલાના આગોતરા જામીન અરજી નામંજુર કરેલ છે. આરોપીની ફરિયાદ દાખલ થયા બાદ દુબઈ ભાગી ગયેલ હોય તે બાબતને ધ્યાને લઈ આરોપીના આગોતરા જામીન અરજી રદ કરી દાખલો બેસે તેવો ચુકાદો આપેલ છે.

## જાંબુઘોડાના ખરેડીવાવ ગામે ઘર આગળથી પીકઅપ ડાલાની ચોરી કરી જતાં ફરિયાદ

જાંબુઘોડા,

જાંબુઘોડા તાલુકાના ખરેડીવાવ ગામે રહેતા ફરિયાદીના ઘર આગળ પાર્ક કરેલ પીકઅપ ડાલાની ૮ ડિસેમ્બર રાત્રીના સમયે કોઇ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી જતાં ફરિયાદ.

પ્રાપ્ત વિગતો મુજબ જાંબુઘોડા તાલુકાના ખરેડીવાવ ગામે રહેતા શનાભાઇ જેસીંગભાઇ બારીયાના ઘર આગળ મુકેલ પીકપલ ડાલા નં. જીજે.૧૭.એકસએકસ.૩૦૩૨ કિંમત ૭૦,૦૦૦/–રૂપીયા તા.૮ ડિસેમ્બરની રાત્રીના સમયે અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી જતાં આ બાબતે જાંબુઘોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા પરવડી ગામે હાઈવે રોડ ઉપર ગટર માંથી મળેલ એરંડીના ૨૫ વર્ષીય યુવાનને સિવિલમાં ખસેડતા મોત

ગોધરા,

ગોધરા તાલુકાના એરંડી ગામ રહેતો ૨૫ વર્ષીય યુવક ઘરેથી કામ હોવાનું કહી ગોધરા આવવા બાઈક લઈને નિકળેલ હતો અને પરવડી ગામે હાઈવે રોડ સાઈડની ગટરમાં મળેલ સારવાર અર્થે સિવિલમાં દાખલ કરતાં મરણ ગયેલ હતો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના એરંડી ગામે રહેતા કલ્પેશ રમણભાઈ માલીવાડ ઉ.વ.૨૫ તા.૧૦ ડિસેમ્બરના રોજ સાંજના સમયે ઘરેથી ગોધરા કામ હોવાનું કહીને બાઈક નં.જીજે.૧૭.એજે.૬૮૧૪ ચલાવીને નિકળેલ હતો. ત્યારબાદ સાંજે ૭ વાગ્યાના સમયે પરવડી ગામના હાઈવે રોડ સાઈડના ગટર માંથી મળેલ હોય તેને સારવાર અર્થે ગોધરા સિવિલમાં ખસેડતા જ્યાં મરણ ગયેલ મૃતક યુવાનને શરીરે અકસ્માતમાં કોઈ ઈજાના ચિન્હો જણાયેલ નથી કે બાઈક પણ અકસ્માતના નિશાન નથી. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે અ.મોતની ફરિયાદ નોંધાવા પામી.

## ગોધરા નગરપાલિકા શોપિંગ સેન્ટરના દુકાનદારોએ નગરપાલિકા અને ધારાસભ્ય સાથે મિટીંગ યોજી



ગોધરા,

ગોધરા નગર પાલિકા હસ્તગત મ્યુનિસિપલ શોપિંગ સેન્ટરમાં ૭૦૦થી વધુ દુકાન આવેલી છે. પાલિકાએ ઠરાવ કરીને પાલિકાની દુકાનોના ભાડામાં વધારો કર્યો હતો. જેમા નગર પાલિકા દ્વારા દુકાનોના ભાડામાં ૭૦૦થી ૧૦૦૦ ટકાનો વધારો કરી દેવામાં આવ્યો છે. જેમાં જે દુકાનનું ભાડું રૂ.૭ હજારથી ૧૦ હજાર હતું. જેમાં તોતીંગ વધારો કરી તે દુકાનનું ભાડું હવે રૂ.૭૦ હજારથી ૧ લાખ સુધીના ભાડાનું બિલ સ્થાનિક દુકાનદારોને આપવામાં આવ્યું છે. જેનો દુકાનદારોએ વિરોધ કરીને કલેક્ટર અને પાલિકા ચીફ ઓફિસરને આવેદન આપ્યું હતુ.

દુકાનદારોએ ગોધરાના ધારાસભ્ય સી.કે. રાઉલજીને રજુઆત કરતાં સોમવારના રોજ પાલિકાના હોલમાં ધારાસભ્યની મદયસ્થી કરવા બેઠકનું આયોજન કર્યું હતું. જેમાં ધારાસભ્યે પાલિકા અને દુકાનદારો વચ્ચે જે તે સમયે થયેલા કરારનું અધ્યયન કરી બેઠકમાં ભાડાં અંગે દુકાનદારો કેટલું ભાડું ચુકવવા માગે છે તેવું પુછ્યું હતું. પાલિકા અને દુકાનદાર બંને મનદુખ ના થયા તેવા ભાડા રાખવાની વાત કરી હતી. સાથે દુકાનદારોને ભાડા અંગે પુછતા દુકાનદારોએ આવતા સોમવાર સુધીનો સમય માંગતા હવે પાલિકાની દુકાનના ભાડાંનો નિર્ણય આગામી સોમવારે ખબર પડશે.

## પ્રકૃતિ મિત્ર મંડળ દ્વારા હિમાલયન ગીધ બાદ હવે ઝરખની માવજત હાથ ધરાઈ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદના ભાટીવાડા ગામના ઝેર ફળિયામાંથી તા.૧૧.૧૨.'૨૩ ના રોજ એક ઘવાયેલું ઝરખ જોવાતા ખૂબ દોડધામ બાદ તેને બચાવી લેવાના સંનિષ્ઠ પ્રયાસ હેઠળ પ્રકૃતિ મિત્ર મંડળની ટીમ દ્વારા રેસ્ક્યુ કર્યા બાદ દાહોદ ખાતે તેની સારવાર હાથ ધરવામાં આવી છે.

ભાટીવાડા ખાતે એક ઘાયલ ઝરખ આમથી તેમ ફરતું હોવાની જાણ થતાં પ્રકૃતિ મિત્ર મંડળ, દાહોદની રેસ્ક્યુ ટીમના ૧૦ થી ૧૨ સભ્યો તથા અન્ય સંસ્થાના રેસ્ક્યુ ટીમના સભ્યો પણ તે સ્થળે પહોંચી ગયા હતા. રેસ્ક્યુ દરમ્યાન સભ્યોને આ પૂર્વે કોઈ અન્ય જંગલી પ્રાણીઓની સાથે થયેલ સંભવિત ઝપાઝપીના લીધે ઘાયલ થયેલ આ ઝરખના ગળાના ભાગે ઊંડો ઘા પડેલ જોવા મળ્યો. એટલે દાહોદ વન વિભાગ તથા વેટરનરી વિભાગના અધિકારી ગણને જાણ કર્યા બાદ તેને પ્રકૃતિ મિત્ર મંડળ ખાતે લાવી વેટનરી વિભાગના ડો. ચાવડા તથા ડો. વિશાલ અને તેમની ટીમ તથા સાથે સાથે મંડળ અને અન્ય સંસ્થાની રેસ્ક્યુ ટીમના સભ્યોના સહયોગથી તેને બેહોશ કરી ડ્રેસિંગ કરવામાં આવ્યું અને હાલ એક મોટા પાંજરામાં રાખી સારવાર હેઠળ રાખવામાં આવેલ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.94